

## જિલ્લામાં ૨૯૯૬૩ ઉમેદવારોએ પરીક્ષા આપી

સાબરકાંઠા જિલ્લામાં રવિવારે બિન સચિવાલય ક્લાર્ક અને ઓફિસ આસિસ્ટન્ટની યોજાયેલી પરીક્ષામાં ૩૩ ટાકા ઉમેદવારો ગેરહાજર રહ્યા. બીજી તરફ શાંતિપૂર્ણ વાતાવરણમાં ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પરીક્ષા યોજાઈ હતી. આ અંગે જીલ્લા શિક્ષણાધિકારી એસ.કે. વ્યાસે જણાવ્યું હતું કે જીલ્લામાં ૧૩૫ સેન્ટરો પર ૧૫૩૬ બ્લોકમાં ૪૬૦૭૦ ઉમેદવારોની બેઠક વ્યવસ્થા ગોઠવાઈ હતી. જેમાં પરીક્ષા પૂર્વે ૧૧ વાગે સેન્ટર પર ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવ્યો હતો ત્યારબાદ પરીક્ષા પ્રક્રિયા શરુ કરાઈ હતી અને ૧૨ થી ૨ દરમિયાન બે કલાકનું એક પેપર લેવામાં આવ્યું હતું જેમાં ૨૯૯૬૩ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી જયારે ૧૬૭૦૭ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા.

## કોઈ અરજદારને પાસપોર્ટ વેરિફિકેશન કરાવવા પોલીસ સ્ટેશન નહિ જવું પડે

નાગરિકોને પાસપોર્ટ મેળવવા પોલીસ વેરિફિકેશન માટે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી. પોલીસકર્મીઓ તેમના ઘરે જઈ અને મોબાઈલ પોકેટકોપ મારફતે એપ્લિકેશન દ્વારા વેરિફિકેશન કરવામાં આવે છે. અરજદારના ઘરે જવાની જગ્યાએ વેરીફિકેશન માટે અરજદારને પોલીસ સ્ટેશનમાં બોલાવે છે. જિલ્લા પોલીસવડાએ ગંભીર નોંધ લઈ અરજદારને પોલીસ સ્ટેશન બોલાવવાની જગ્યાએ ઘરે જઈ વેરિફિકેશન કરવા જણાવ્યું છે. સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો ગાંધીનગર દ્વારા મોબાઈલ એપ્લિકેશનનું મોનિટરિંગ કરતા પાસપોર્ટ વેરિફિકેશનની કામ કરતા પોલીસકર્મીઓ નાગરિકોને પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવતા હોવાની બાબત ધ્યાને આવી હતી.

# દારૂના કેસમાં ડિસમિસ કોન્સ્ટેબલ અને બુટલેગર પ્રભુ ડોડીયારને ભિલોડા પોલીસે દબોચ્યો

ભિલોડા, તા. ૧૭

અમદાવાદ શહેરમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને ફરજ દરમિયાન બુટલેગરો સાથે ભાઈબંધી રાખતા પ્રભુદાસ સોમાભાઈ ડોડીયાર નામનો કોન્સ્ટેબલ દારૂના કેસમાં ડિસમિસ થતા દારૂના ધંધામાં આંધળો નફો હોવાથી બુટલેગર બની ગયો હતો. દારૂની હેરાફેરી જેના માથે હતી તે પોલીસ કોન્સ્ટેબલે વિદેશી દારૂના વેપલાનો ગોરખધંધો શરુ કરી દીધો હતો. પોલીસ ચોપડે પણ અગાઉ આ કોન્સ્ટેબલ દારૂના વેપલામાં ચઢી ચુક્યો હોવા છતાં બિન્દાસ્ત દારૂનો કાળો કારોબાર ચલાવી રહ્યો હોવાની સાથે રીઢો બુટલેગર બની ગયો છે.

પ્રભુ ડોડીયારે શામળાજી રતનપુર બોર્ડર નજીક આવેલા વતનમાં ઘરે અને ગોડાઉન બનાવી રાજસ્થાન સહિતના રાજ્યમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવી સંગ્રહ કરી કટિંગનો કારોબાર ચલાવી કરોડો રૂપિયાનો વિદેશી ઠાલવી રહ્યો હોવાની બાતમી સ્ટેટ



મોનીટરીંગ સેલને બાતમી મળતા દેવદિવાળીના દિવસે મોનીટરીંગ સેલ ત્રાટકી પ્રભુ ડોડીયારના પહાડીયા ગામે ઘરમાંથી અને નજીક આવેલા ગોડાઉનમાંથી ૨.૪૬ લાખનો વિદેશી ઝડપી પાડી ૪ બુટલેગરોને દબોચી લીધા હતા. સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડામાં પ્રભુ ડોડીયાર સહીત અન્ય શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડામાં પ્રભુ ડોડીયારના ઘરે અને ગોડાઉનમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ મળી આવતા શામળાજી પીએસઆઈ સંજય શર્માનો ભોગ લેવાયો હતો અને ફરજમાં બેદરકારી દાખવવા બદલ સસ્પેન્ડ કરાતા પોલીસબેડામાં ભારે ચકચાર મચી હતી.

ભિલોડા સીપીઆઈ વસાવાએ સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડામાં સ્ટેટ મોનીટરીંગ સેલને હાથતાળી આપી નાસી છૂટેલ પ્રભુદાસ સોમાભાઈ ડામોર ખાનગી વાહનોમાં મુસાફરી કરતો હોવાની બાતમી મળતા શામળાજી આજુબાજુના વિસ્તારમાં અને શામળાજી હાઈવે પર વોચ ગોઠવી હતી. રવિવારે બાતમીના આધારે ખાનગી વાહનમાં મુસાફરી કરી રહેલા પ્રભુદાસ સોમાભાઈ ડોડીયાર નામના બુટલેગર ને ઝડપી પાડવામાં સફળતા મળતા જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઈલેક્ટ્રોનીક્સ શો-રૂમને તસ્કરોએ નિશાન બનાવી ૬.૯૭ લાખની ચોરી

સુરત,તા.૧૭

વેડરોડ સ્થિત કેન્સર હોસ્પિટલ સામે મનસી રાધિકા સોસાયટીમાં રહેતા હરકિશન અશોક વાડોલીયા વેડ રોડ નાની બહુચરાજી મંદિર નજીક પંડોળ શોપીંગ સેન્ટરમાં મધુરમ પ્લાઝા ઉષા એજન્સી નામે ભાગીદારીમાં ઈલેક્ટ્રોનીક્સ શો-રૂમ ધરાવે છે. આ શો-રૂમને તસ્કરોએ નિશાન બનાવી ત્રીજા માળે આવેલા ગોડાઉનની એક સાઈડની જાળી કોઈ સાધન વડે કાપી અંદર પ્રવેશ્યા હતા.

શોર-રૂમના ગ્રાઉન્ડ ફલોરથી લઈ ત્રીજા માળ સુધીનો સરસામાન વેરવિખેર કરી તેમાંથી ૩૨ નંગ મોબાઈલ ફોન કિંમત રૂા. ૫.૩૩ લાખ, સ્ટાફના મોબાઈલ ૬ નંગ કિંમત રૂા. ૬૦ હજાર, રોકડા રૂા. ૪૫ હજાર, બે લેપટોપ કિંમત રૂા. ૪૨ હજાર, કોમ્પ્યુટર હાર્ડ ડિસ્ક ૩ નંગ કિંમત રૂા. ૬ હજાર અને ડીવીઆર મળી કુલ ૬.૯૭ લાખની મત્તા ચોરીને ભાગી ગયા હતા.

# વડગામની સરકારી કચેરીઓમાં દિવાળી બાદ લેભાગુ પત્રકારોની અવર-જવરમાં વધારો

### પાટણ સિદ્ધપુર ડીસા પાલનપુર સહીતના સેન્ટરોમાં ક્યારેય જોવા ન મળતા પત્રકારો ખભે થેલા લગાવી વડગામની કચેરીઓમાં જોવા મળી રહ્યા છે

વડગામ,

બનાસકાંઠા જિલ્લામાં આવતો વડગામ તાલુકો છેલ્લા કેટલાક સમયથી જાણે બોડી બામણી નું ખેતર બની ગયુ હોય તેવા હાલ વડગામ તાલુકાના બની ગયા છે.

વડગામ તાલુકામાં આવેલી સરકારી કચેરીઓ માં છેલ્લા કેટલાય સમયથી વડગામ સહીત તાલુકા બહારના પાટણ, સિધ્ધપુર, પાલનપુર,ડીસા,ધાનેરા સહીત ના વિસ્તારો માં થી"પત્રકારત્વ નો પ" પણ ન આવડતો હોય તેવા બની બેઠેલા લેભાગુ પત્રકારો દિવાળી આવતાની સાથે ખભે થેલા ભરાવીને સરકારી કચેરીઓ માં દોટ લગાવી રહ્યા છે.દિવાળી આવતા ના પંદર દિવસ પહેલાં અને દિવાળી પત્યાના એક મહીના બાદ પણ આ કહેવાતા લેભાગુ પત્રકારો સરકારી કચેરીઓ માં આંટા ફેરા મારતાં જોવા મળી રહ્યા છે.સરકારી કચેરીઓ માં બેઠેલા કેટલાક સરકારી બાબુઓ દ્વારા પણ સરકારની વિવિધ યોજનાઓ માં તેમજ ગામડાઓમાં અપાતી વિકાસની ગ્રાન્ટોમા ભારે ધુપ્પલ બાજી ચલાવીને ભારે ગેરરીતિઓ આચરતા હોવાથી ગેરરીતિઓ આચરતા કેટલાક કર્મચારીઓ પોતાની ગેરરીતિઓ છુપાવવા આવા લેભાગુ પત્રકારો ના તાબે થઈ ને " ફુલ નહિ તો ફુલની પાંખડી"રૂપે લેભાગુ પત્રકારોને આપીને સંતોષ માની રહ્યા છે.આમ વડગામ તાલુકા માં છેલ્લા કેટલાક સમયથી લેભાગુ પત્રકારો ના આંટાફેરા વધી રહ્યા હોવાની ચર્ચાઓ પણ નિષ્ઠાવાન અને પ્રતિષ્ઠીત પત્રકાર આલમમાં થઈ રહી છે.સરકારી કચેરીઓ માં બેઠેલા કર્મચારીઓ પણ આવા લેભાગુ પત્રકારો થી તોબા પોકારી ઉઠ્યા છે.વડગામ સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં લેભાગુ પત્રકારો દેશની ચોથી જાગીર ગણાતા પત્રકારત્વને પીળું બનાવી રહ્યા છે.જેના કારણે સાચા અને કર્તવ્ય નિષ્ઠ પત્રકારો ની પણ છબી દિવસે દિવસે ખરડાતી રહી છે.જેના કારણે સાચા પત્રકારોને પણ અન્યાય થતો રહ્યો છે.

વડગામ તાલુકાના છાપી ગામમાં બેઠેલા કેટલાક બોગસ ડોકટરો પાસેથી કેટલાક લેભાગુ પત્રકારો દ્વારા મોટી સંખ્યામાં ઉઘરાણું કરાયાનું પણ ચર્ચા સ્પદ બન્યું છે.વડગામ પંથકમાં બોલ બાલા છે લેભાગુ પત્રકારો ની...

વડગામ સરકારી કચેરીઓ માં પત્રકારો ના બહાના તળે પડ્યા પાથર્યા રહેતા લેભાગુઓ ને પણ સરકારી બાબુઓ એ ઓળખવા જરૂરી છે.

## રસ્તા પર સૂઈ રહેલા લોકોને કોર્પોરેશન રેનબસેરામાં પહોંચાડશે

એએમસી દ્વારા લેવાયેલા એક મહત્વના નિર્ણયમાં હવે રાત્રે રસ્તા પર સૂઈ રહેલા પરિવાર કે વ્યક્તિને રેનબસેરા ખાતે પહોંચાડવાના, તેમને જરૂર જણાય તો તબીબી સારવાર આપવાની અને ભૂખ્યા હોય તો ભોજન પણ આપવાનો મહત્ત્વનો નિર્ણય કર્યો છે, પરંતુ જો ફૂટપાથ પર સૂતેલા આવા લોકો કોઈ કંન્સ્ટ્રકશન સાઈટના કામદારો હશે તો તેવા સંજોગોમાં તે સાઈટની મંજૂરીઓ સસ્પેન્ડ કરાશે. જો રેનબસેરામાં વધુ લોકો આવી જાય તો હાઉસિંગ સેલ દ્વારા મ્યુનિ. દ્વારા બનાવવામાં આવેલા મકાનોમાં તેમને રાખવા માટેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે. ખાલી શાળાઓમાં પણ તેમને રાખવાની વ્યવસ્થા થઈ શકે છે.

# કુદરતી આફત અને રાજ્ય બીજ નિગમની બેદરકારીના પગલે ખેડૂતો બેહાલ

### અરવલ્લીમાં બિયારણ સંઘમાં ન પહોંચતા લૂંટાતો જગતનો તાત

હિંમતનગર, તા. ૧૭

સમગ્ર ઉત્તર ગુજરાતમાં ચાલુ વર્ષે સૌથી વધુ વરસાદ અરવલ્લી જિલ્લામાં નોંધાયો છે. સારા વરસાદ પછી કમોસમી વરસાદે અને વાવાઝોડાએ ખેડૂતોના મહામુલા પાકનો સોથ વાળી દેતા ખેડૂતો દેવાના ડુંગર તળે દટાયા છે. ખેડૂતોએ ચોમાસાની સીઝન નિષ્ફળ જતા રવિ પાકના વાવણી કાર્યમાં જોતરાયા છે. બિયારણના ભાવ આસમાને પહોંચતા ખેડૂતો લાચાર બન્યા છે.

ખેડૂતોને વ્યાજબીભાવે અને ઉચ્ચ ગુણવત્તાસભર બિયારણ મળી રહે તે માટે રાજ્ય બીજ નિગમમાંથી જીલ્લા અને તાલુકાના સહકારી સંઘમાં બિયારણ પહોંચાડવામાં આવે છે. રવિ સિઝનનમાં ખેડૂતો સૌથી વધુ ઘઉંના પાકનું વાવેતર કરતા હોય છે ત્યારે બીજનિગમની બેદરકારીને લીધે સહકારી સંઘમાં ઘઉંનું બિયારણ હજુ સુધી ન પહોંચતા ખેડૂતોએ બજારમાંથી ખરીદવા પડતા ઘઉંના ૧ મણ બિયારણ પાછળ ૧૦૦થી વધુ રૂપિયા ખર્ચવા પડતા ખેડૂતો માટે પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાયો



છે. મોડાસા તાલુકા ખરીદ વેચાણ સંઘે ખેડૂતોને સબસીડીવાળું બિયારણ મળી રહે તે માટે ૨૫૦૦ કટ્ટા (૫ હજાર મણ) રાજ્ય બીજ નિગમમાં નોંધાવવા છતાં અને વારંવાર ઘઉંના બિયારણની માંગણી કરવામાં આવતી હોવા છતાં ઘઉંનું બિયારણ મોકલવામાં આવતું ન હોવાથી ખેડૂતોને ઘઉંના બિયારણ માટે ધરમધક્કા ખાવા પડી રહ્યા છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર રાજ્ય બીજ નિગમની બેદરકારી કે પછી ખાનગી બિયારણ વેંચતા વેપારીઓ સાથેની મિલીભગતના પગલે રવિ વાવેતરની વાવણીના સમયે ઘઉંના બિયારણનો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં નિષ્ફળ રહેતા ખેડૂતોને બિયારણ વેંચતા વેપારીઓ લૂંટી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો અને ગાઢનિંદ્રામાં પોઢેલ રાજ્ય બીજ નિગમ આળસ ખંખેરી ત્વરિત ઘઉંના બિયારણનો જથ્થો ઝડપથી પહોંચાડવામાં આવેની માંગ પ્રબળ બની ખેડૂતોને લૂંટાતા બચાવવા ઉગ્ર માંગ કરી હતી.

### મેઘરજના ઉંડવા નજીકથી કતલખાને લઈ જવાતા

# ચાર પશુઓને મેઘરજ પોલીસે બચાવી બે કસાઈઓની ધરપકડ

મેઘરજ, તા. ૧૭

ગુજરાત-રાજસ્થાનને અડીને આવેલા ઉંડવા પાસેથી



પીકઅપ ડાલામાં પશુઓ ભરી કતલખાને લઈ જવાઈ રહ્યા હોવાની બાતમી મળતા મેઘરજ પોલીસે નાકાબંધી કરી પીકઅપ ડાલાનાને ઝડપી પાડી પીકઅપ ડાલામાંથી ૪ પશુઓ મળી આવ્યા હતા. મેઘરજ પોલીસે કતલખાને લઈ જવાતા ૪ ભેંસ કીં. રૂ. ૭૦ હજાર સાથે ૪.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે કસાઈઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા તાલુકાના જીવદયા પ્રેમીઓએ શિકા ચોકડી નજીકથી ટેમ્પો અને બોલેરો જીપ ગાડીમાં ૪ ગયો કતલખાને લઈ જવાતી બચાવી લીધી હતી અને ધનસુરા પોલીસને ૪ ગાયો અને ટેમ્પો અને બોલેરો જીપ ધનસુરા પોલીસને સોંપી હતી. જીવદયા પ્રેમીઓના જણાવ્યા અનુસાર ગૌવંશને કતલખાને લઈ જતું અટકાવતા કસાઈઓએ જીવદયાપ્રેમીઓ પર હુમલો કરતા ઈજાઓ પહોંચી હોવા છતાં જીવન જોખમે ગૌવંશને બચાવવામાં સફળ રહ્યા હોવાનું જણાવ્યું હતું.

મેઘરજ પીએસઆઈ કે.એસ. સીસોદીયા અને તેમની ટીમે મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. બાતમી આધારિત પીકઅપ ડાલુ (ગાડી.નં. જીજે-૦૯-ઝેડ-૧૩૮૬)માં ગેરકાયદેસર કતલખાને લઈ જવા પશુઓ ભરી પસાર થતા પોલીસે અટકાવી પીકઅપ ડાલામાંથી ખીચોખીચ હલન ચલન ન થઈ શકે તેરીતે મરણતોલ હાલતમાં દોરડા વડે બાંધી રાખેલી ૪ ભેંશોને કતલખાને પહોંચે તે પહેલા બચાવી લઈ પાંજરાપોળ ખાતે મોકલી આપી હતા.

મેઘરજ પોલીસે પીકઅપ ડાલા માંથી ભેંસ નંગ-૪ કીં. રૂ. ૭૦૦૦૦/- તથા પીકઅપ ડાલાની કીં. રૂ. ૪૦૦૦૦૦/- મળી કુલ રૂ. ૪૭૦૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી સલામત રમજાની ઉમરભાઈ મલુતાની (રહે,ચાંદટેકરી, મોડાસા) અને જાવેદ જામીર મૌલા મલુતાની (રહે. ચાંદટેકરી, મોડાસા) નામના બે શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## હિંમતનગર વિશ્વ શ્રદ્ધાંજલિ દિવસની ઉજવણી કરાઈ

વિશ્વ શ્રદ્ધાંજલિ દિવસ નિમિત્તે રવિવારે સાબરકાંઠા જિલ્લા ટ્રાફિક, હિમતનગર સીટી ટ્રાફિક અને આરટીઓ વિભાગ દ્વારા સંયુક્ત રીતે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવેલ, જેમાં ટ્રાફિકના નિયમોનું પાલન કરતા વાહન ચાલકોનું ગુલાબનું ફૂલ આપી સન્માન કરવામાં આવેલ જયારે ટ્રાફિક નિયમોનું પાલન કરેલ નથી તેઓને પણ ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે અનુરોધ કરવામાં આવેલ અને તેમના વાહન પર ટ્રાફિક અવેરનેશના સ્ટીકર લગાવવામાં આવ્યા હતા. અંગે હાઈવે ટ્રાફિક પીએસઆઈ એ.વી. દેસાઈએ જણાવ્યું હતું વાહન ચાલકોને ફરજીયાત ટ્રાફિકનું નિયમન કરવા સાથે વાહન ચાલકને હેલ્મેટ પહેરવું અને કાર ચાલકે સીટ બેલ્ટ ફરજીયાત પહેરવા સાથે વાહન ચાલકોએ મોબાઈલ વાહન ચલાવતા સમયે ઉપયોગ નહિ કરવા માટેનું સુચન પણ કર્યું હતું.

## ઉત્તર ગુજરાત કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીઝ ફેડરેશન દ્વારા આયોજીત રજત જયંતિ મહોત્સવ યોજાયો

ઉત્તર ગુજરાત કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીઝ ફેડરેશન સેવાના ૨૫ વર્ષ રજત જયંતિ મહોત્સવ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતુ કે રાજ્ય સરકારે સહકારી માળખાને પ્રાધાન્ય આપ્યું છે તેમ જણાવી રાજ્યના વિકાસમાં સહકારનો મહત્વનો ફાળો છે.નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે ઉમેર્યું હતું કે ઉત્તર ગુજરાતમાં ક્રેડિટ સોસાયટી નાગરિકો માટે સૌથી ઝડપી ઉપયોગી અને નાણાંકીય સધ્ધરતાનું માધ્યમ બની છે. ક્રેડિટ સોસાયટીઓ સફળતાપુર્વક ૨૫ વર્ષ પુર્ણ કરી રાજ્યના ખેડુતો, વેપારીઓ, નાગિરકો માટે આગામી સમયમાં મદદરૂપ થનાર છે. તેમણે જણાવ્યું હતું કે સહકારીતા સાથે માનવાતનું ઉત્તમ કામ આ ક્રેડિટ સોસાયટીઓ દ્વારા થઈ રહ્યું છે.



## મોડાસાના જંબુસર ગામે હાઈસ્પીડ બાઈકે રાહદારી મહિલાને ટક્કર મારી ફરાર

મોડાસા શહેર અને ગ્રામ્ય વિસ્તારના યુવાનોમાં હાઈસ્પીડ બાઈક રફ હંકારવી સ્ટેટ્સ સિમ્બોલ ગણાતી હોય તેમ ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી બિન્દાસ્ત પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અન્ય વાહનચાલકો અને રાહદારીઓને જીવ જોખમમાં મુકતા હોય છે. આવી જ એક ઘટના જંબુસર (દધાલિયા) ગામે બની હતી, જેમાં એક અજાણ્યા પલ્સર બાઈક ચાલકે રોડ નજીક થી પસાર થતી કોકિલાબેન સોમાભાઈ નામની મહિલાને ધડાકાભેર ટક્કર મારી રફુચક્કર થઈ જતા મહિલાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા પરિવારજનો અને આજુબાજુથી દોડી આવેલા ગામલોકોએ ગંભીર ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા મહિલાની સ્થિતિ નાજુક હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.



મહેસાણા તાલુકાના લાંઘણજ ગામે રૂ.૪૬ લાખના ખર્ચે સામૂહિક આરોગ્ય કેન્દ્ર વિસ્તૃતિકરણ કામના લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસના મંત્ર સાથે કામ કરી રહી છે. આરોગ્યની સુવિધાઓ નાગરિકોને વિનામૂલ્યે મળી રહે તે માટે સરકાર કટિબધ્ધ બની છે.

# બનાસકાંઠામાં બિન સચિવાલય પરીક્ષામાં ૨૨ હજાર ઉમેદવારો ગેરહાજર રહ્યા

### ૭૦ હજાર પૈકી ૪૭ હજાર પરીક્ષા આપવા આવ્યા : મોરીયા-પારપડા હાઇસ્કૂલમાંથી પરીક્ષાર્થી છાત્રા અને પાલનપુરમાં આદર્શ વિદ્યા સંકુલમાંથી પરિક્ષાર્થી યુવક મોબાઇલ સાથે ઝડપાયો : દાંતાની પીપળાવાળી વાવમાં નકલ કરતી છાત્ર સામે સંચાલકે કોપીકેસ કર્યો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં બિન સચિવાલય પરીક્ષામાં ૨૨ હજાર ઉમેદવારો પરીક્ષા આપવા આવ્યા જ નહોતા. જિલ્લામાં ૭૦ હજાર છાત્રોની વ્યવસ્થા સામે ૪૭ હજાર પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવા આવ્યા હતા. પાલનપુર તાલુકાના મોરીયા-પારપડા હાઈસ્કૂલમાંથી એક પરીક્ષાર્થી છાત્રા અને પાલનપુરમાં આદર્શ વિદ્યા સંકુલમાં આવેલી સાયન્સ કોલેજમાંથી પરિક્ષાર્થી યુવક મોબાઈલ સાથે ઝડપાતા કાર્યવાહી કરાઈ હતી. જ્યારે દાંતાની પીપળાવાળી વાવમાં નકલ કરતી છાત્રા સામે સંચાલકે કોપીકેસ કર્યો હતો.

બિન સચિવાલયની




પરીક્ષા રવિવારે સમગ્ર જિલ્લામાં ૧૨ થી ૨ વાગ્યા દરમિયાન ૧૪ તાલુકાના ૨૧૬ કેન્દ્રો પર લેવાઈ હતી. જોકે તમામ કેન્દ્રો પર ૧૧ વાગ્યે જ તમામ પરીક્ષાર્થીઓને પ્રવેશ આપી દેવામાં આવ્યો હતો. જિલ્લાના ૭૦,૦૨૦ પરીક્ષાર્થીઓ માટે સમગ્ર જિલ્લામાં ત્રણ ઝોનમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે ઉડીને આંખે વળગે તેવી બાબત એ રહી હતી કે પરીક્ષામાં ૨૨,૬૭૮ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા જ્યારે ૪૭,૩૪૨ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. બનાસકાંઠા જિલ્લાના ૨૬૧ કેન્દ્રો પૈકી ૧૯૧ કેન્દ્રો સીસીટીવી કેમેરાથી સજ્જ કરાયા હતા. જ્યારે ૨૫ કેન્દ્ર પર કેમેરાની જગ્યાએ વધારાના તકેદારી અધિકારીઓની ફાળવણી કરવામાં આવી હતી. પાલનપુર તાલુકાના મોરીયા-પારપડા હાઈસ્કૂલમાંથી વર્ષા એસ ચૌધરી નામની પરીક્ષાર્થી છાત્રા અને પાલનપુરમાં આદર્શ વિદ્યા સંકુલમાં આવેલી પી એસ પવાયા સાયન્સ કોલેજમાંથી ભરત ચૌધરી નામનો પરિક્ષાર્થી યુવક મોબાઈલ સાથે ઝડપાતા કાર્યવાહી કરાઈ હતી. જ્યારે દાંતાની પીપળાવાળી વાવમાં નકલ કરતી જાગૃતિ સોલંકી નામની છાત્રા સામે મંડળના પ્રતિનિધિ સંચાલકે કોપીકેસ કર્યો હતો.